# ઓમપ્રકાશ ચૌટાલાને ૧૦ વર્ષની સજા

નવી દિલ્હી,તા. ૨૨

હરિયાણામાં ચૂંટણી રાજકારણમાં નવા સમીકરણ રચે તેવા ઘટનાક્રમમાં દિલ્હીની કોર્ટે વર્ષ ૨૦૦૦ના શિક્ષકોની ભરતી સાથે સંબંધિત કૌભાંડમાં હરિયાણાના ભૂતપૂર્વ મુખ્યમંત્રી ઓમપ્રકાશ ચૌટાલા અને તેમના પુત્ર અજય ચૌટાલાને આજે ૧૦ વર્ષની જેલની સજા ફટકારી હતી. જ્યારે અન્ય આરોપીઓને પણ જુદી જુદી સજાઓ કરવામાં આવી હતી. તમામ ૫૩ આરોપીઓને જુદી જુદી કલમો હેઠળ જુદી જુદી જેલની સજા કરાઈ છે. પાંચ મુખ્ય આરોપીઓ ઉપરાંત એક મહિલા સહિત અન્ય ચાર આરોપીઓને પણ ૧૦-૧૦ વર્ષની જેલની સજા કરાઈ છે. એકને પાંચ વર્ષની જેલની સજા કરાઈ છે જ્યારે બાકીના ૪૫ને ચાર ચાર વર્ષની જેલની સજા કરવામાં આવી છે. પાંચ વખતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને તેમના ૫૧ વર્ષના પુત્ર અજય ચૌટાલા હવે જો આ ચુકાદા પર હાઈકોર્ટ દ્વારા સ્ટે મુકવામાં આવશે નહીં તો આગામી વર્ષે યોજાનારી વિધાનસભાની ચૂંટણીમાં મેદાનમાં ઉતરી શકશે નહીં. અગાઉ આજે સવારે હરિયાણાના ભૂતપૂર્વ મુખ્યમંત્રીને સમર્થકો ઉપર દિલ્હી પોલીસ દ્વારા લાઠીચાર્જ કરવામાં આવ્યો હતો જેથી સમગ્ર વિસ્તારમાં તંગદિલી ફેલાઈ ગઈ હતી. પોલીસે દેખાવકારોને દૂર રાખવા માટે ટિયર ગેસના સેલ છોડ્યા હતા અને લાઠીચાર્જ પણ કર્યો હતો. ભારે અંધાધૂધી કોર્ટની બહાર ફેલાઈ હતી. કોર્ટના ચુકાદા પહેલાં ચૌટાલાના મોટી સંખ્યામાં સમર્થકો કોર્ટની બહાર એકત્રિત થયા હતા. આ લોકોએ રોહિની કોર્ટની બહાર ઉગ્ર દેખાવો કર્યા હતા તથા પોલીસ દ્વારા ગોઠવવામાં આવેલી નાકાબંધીને તોડવાના પ્રયાસ કર્યા હતા. રોહિની કોર્ટે ઓમપ્રકાશ ચૌટાલા, તેમના પુત્ર અજય ચૌટાલા અને અન્ય ૫૩ દોષિતો સામે સજાના આદેશ જાહેર કર્યા હતા. ૩૨૦૬ જુનિયર બેજિક ટ્રેન્ડ શિક્ષકોની ભરતીના મામલામાં આ લોકો દોષિત જાહેર થયા હતા.ચૌટાલા તેમના પુત્ર અજય ચૌટાલાને છેતરપિંડી, ફોરજરી અને પ્રમાણિક તરીકે બોગસ દસ્તાવેજોના ઉપયોગ, આઈપીસી હેઠળ કાવતરા અને ભ્રષ્ટાચાર અટકાયત ધારા હેઠળ સત્તાવાર હોદ્દાના દુરુપયોગ હેઠળ દોષિત ઠેરવ્યા હતા. પરંતુ ચૌટાલા



તેમની અપીલનો નિકાલ ન આવે ત્યાં સુધી ધારાસભ્ય તરીકે ચાલુ રહેશે. જો કે ટ્રાયલ કોર્ટના ચુકાદાને ત્રણ મહિનાની અંદર પડકાર ફેકશે તો આગામી કાર્યવાહી હાથ ધરાશે. ભરતી કૌભાંડમાં મુખ્ય ગુનેગાર જાહેર થયેલા ચૌટાલા હવે ભાજપના ભૂતપૂર્વ પ્રમુખ બંગારુ લક્ષ્મણ અને હિમાચલના ભૂતપૂર્વ મુખ્યમંત્રી સુખરામની લીગમાં જોડાઈ જાય છે. આ લોકો પણ ભ્રષ્ટાચારના મામલામાં દોષિત જાહેર થયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે ખાસ સીબીઆઈ જજ વિનોદકુમારે સજાના પ્રમાણ અંગે દલીલોની સુનાવણી સોમવારે પૂરી કરી લીધી હતી.

કોર્ટે ૧૬મી જાન્યુઆરીના દિવસે ઓમપ્રકાશ ચૌટાલા, અજય ચૌટાલા અને અન્ય ૫૩ની અપરાધી ઠેરવ્યા હતા. ખાસ સીબીઆઈ અદાલતે હરિયાણાના ભૂતપૂર્વ મુખ્યમંત્રી ઓમપ્રકાશ ચૌટાલા, તેમના ધારાસભ્ય પુત્ર અજય ચૌટાલા અને અન્ય ૫૩ને હરિયાણામાં ૩૦૦૦ જૂનિયર બેજિક ટ્રેન્ડ (જેબીટી) શિક્ષકોની ગેરકાયદે ભરતી સાથે સંબંધિત કેસમાં દોષિત ઠેરવ્યા હતા અને સજા આજની તારીખ ઉપર નક્કી કરી હતી. આજે સવારે તમામને સજાની જાહેરાત કરવામાં આવી હતી. ખાસ સીબીઆઈ જજ વિનોદકુમાર દ્વારા સીબીઆઈ અને ડિફેન્સ વકીલો દ્વારા અંતિમ દલીલોની પૂર્ણાહૂતિ બાદ આ કેસમાં ચુકાદો આપ્યો હતો અને તમામને દોષિત ઠેરવ્યા હતા. અગાઉ ૧૭મી ડિસેમ્બરના દિવસે ખાસ સીબીઆઈ અદાલતે તેનો ચુકાદો અનામત રાખ્યો હતો અને તમામ આરોપી લોકોને ૧૬મી જાન્યુઆરીના દિવસે કોર્ટમાં હાજર કરવા આદેશ કર્યો હતો. ૬૨ આરોપીઓ પૈકી છના ટ્રાયલ દરમિયાન મોત થઈ ગયા હતા. જ્યારે એકને આરોપો ઘડવાના વખતે અદાલત દ્વારા નિર્દોષ જાહેર કર્યો હતો. કોર્ટે અગાઉ ચૌટાલા તેમના પુત્ર અજય અને અન્ય ૫૩ સામે પ્રાથમિક પુરાવા હાથ લાગ્યા હતા. જેબીટી ભરતી કૌભાંડનો ખુલાસો થયા બાદ સીબીઆઈ દ્વારા આઈએએસ ઓફિસર વિદ્યા ધાર અને સંજીવ કુમારને પણ આરોપી બનાવવામાં આવ્યા હતા. કોર્ટે ભ્રષ્ટાચાર અટકાયત ધારા અને આઈપીસીની જુદી જુદી કલમો હેઠળ તમામની સામે આરોપો ઘડ્યા હતા. ૬થી જૂન ૨૦૦૮ના દિવસે સીબીઆઈએ ચૌટાલા અને અન્યો સામે ચાર્જશીટ દાખલ કરી હતી. ૧૯૯૯-૨૦૦૦ દરમિયાન રાજ્યમાં ૩૨૦૬ જૂનિયર બેજિક ટીચરોની નિમણૂંક કરવામાં આવી હતી. સીબીઆઈ ચાર્જશીટમાં જે લોકોના નામ આવ્યા છે તેમાં સંજીવ કુમાર અને ચૌટાલાના ભૂતપૂર્વ ઓફિસર્સ વિદ્યા ધાર સરકારી કર્મચારી છે.

## ભારત-ઇંગ્લેન્ડ વચ્ચે આજે મોહાલીમાં ચોથી વનડે મેચ

મોહાલી,તા. ૨૨

મોહાલી ક્રિકેટ ગ્રાઉન્ડ પર આવતીકાલે ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ચોથી વન-ડે મેચ રમાનાર છે. ત્રીજી વન-ડે મેચ રાચીમાં ભારતે સાત વિકેટે જીતી લીધા બાદ ધોનીના નેતૃત્વમાં ટીમ ઈન્ડિયા લીડને વધારવા માટે ઉત્સુક દેખાઈ રહી છે. બીજી બાજુ આ શ્રેણીને જીવંત રાખવાના પ્રયાસમાં ઈંગ્લેન્ડ પણ વધુ સારો દેખાવ કરવા સજ્જ છે. મોહાલી ખાતે રમાનાર આ મેચને લઈને તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. ભારત તરફથી વિરાટ કોહલીએ શાનદાર ફોર્મ મેળવી લીધા બાદ ટીમ ઈન્ડિયાની છાવણીમાં રાહત પ્રવર્તી રહી છે. આવતીકાલેની મેચમાં ઈંગ્લેન્ડ પણ સંપૂર્ણ તાકાત સાથે ઉતરવા ઈચ્છુક છે. તમામની નજર ઈંગ્લેન્ડ તરફથી આક્રમક બેટ્સમેન કેવીન પીટરસન ઉપર કેન્દ્રીત રહેશે. કેવીન પીટરસન, કૂક, ઈયાન બેલ ભારત સામે ટેસ્ટ શ્રેણીમાં સફળ રહ્યા હતા પરંતુ વન-ડે શ્રેણીમાં આ તમામ ખેલાડીઓ હજુ સુધી તેમની સંપૂર્ણ તાકાત સાથે મેદાનમાં ઉતરી શક્યા નથી તે જોતા ઈંગ્લેન્ડ આ મેચ વધુ ગંભીરતાથી લેવા માગે છે.

મોહાલી ખાતે સુરક્ષા વ્યવસ્થા પણ મજબૂત કરવામાં આવી છે. ભારત તરફથી ધોની ઉપરાંત વિરાટ કોહલી, ગૌતમ ગંભીર, યુવરાજસિંહ, સુરેશ રૈના સહિતના ખેલાડીઓ ઉપર તમામની નજર રહેશે. બોલિંગમાં પણ ભારતીય ટીમ ઈશાંત શર્મા, ભુવનેશ્વર ઉપર આધારિત રહેશે. છેલ્લી બે મેચોમાં રવિન્દ્ર જાડેજાનો દેખાવ ધરખમ રહ્યો છે તે જોતા ઈંગ્લેન્ડના ખેલાડીઓને જાડેજાથી સાવધાન રહેવું પડશે. છેલ્લી મેચમાં જાડેજાએ બોલિંગમાં ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો અને ૬.૨ ઓવરમાં ૧૯ રન આપી ત્રણ વિકેટ ઝડપી હતી. ઉપરાંત ઈશાંત શર્માએ પણ સારી બોલિંગ કરી હતી. સામી અહેમદે પણ તમામનું ધ્યાન ખેચ્યું હતું. ઈંગ્લેન્ડ તરફથી મોરગન, ક્રિસવેટન, બેલ, પીટરસન, આવતીકાલની મેચમાં વધુ સારો દેખાવ કરવા સજ્જ દેખાઈ રહ્યા છે.

## વિમાનીભાડા સસ્તા થાય તેવી સંભાવના

નવી દિલ્હી,તા. ૨૨

વિમાની મુસાફરી સસ્તી થવાના સંકેત દેખાઈ રહ્યા છે. સ્પાઈસ જેટ અને એરઈન્ડિયાએ પ્રવર્તમાન પરિસ્થિતિમાં વિમાની ભાડામાં ઘટાડો કર્યા બાદ હવે બજેટ કેરિયરમાં આ દિશામાં આગળ વધે તેવી શક્યતા છે. સ્પાઈસ જેટે તાજેતરમાં જ ખેંચતાણની સ્થિતિ વચ્ચે વિમાની ભાડામાં ઘટાડો કર્યો હતો. અન્ય એરલાઈનો વચ્ચે ખેંચતાણ વચ્ચે સ્પાઈસ જેટે ભાડામાં ઘટાડો કર્યો હતો જેથી વિમાની ભાડામાં યુદ્ધની સ્થિતિ છેડાઈ ગઈ છે. સોમવારે મોડી રાત્રે એર ઈન્ડિયાએ પણ વિમાનીભાડામાં ઘટાડો કર્યો હતો. આની સાથે જેટ એરવેજ જેવા ફુલ સર્વિસ કેરિયર કરતા તેના ભાડામાં ઘટાડો થયો છે. ત્રણ બજેટ કેરિયરના ભાડા સુધી એર ઈન્ડિયાએ પણ તેના ભાડા મૂકી દીધા છે. આની સાથે જ હવે ઈન્ડિગો, સ્પાઈસજેટ અને ગો એરને પણ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. પોતાની માર્કેટ હિસ્સેદારીને બચાવવા આ ત્રણેય બજેટ કેરિયરને પણ ટિકિટની કિંમતમાં ઘટાડો કરવાની ફરજ પડી શકે છે. કારણ કે મુસાફરી ઈન ફ્લાઈટ



એન્ટરટેઈનમેન્ટ, ભોજન જેવી વધુ સારી સુવિધાનો લાભ લેવા માટે લો કોસ્ટ કેરિયરના બદલે એર ઈન્ડિયામાં મુસાફરી કરવાનું પસંદ કરે છે તેમ કોર્પોરેટ ટ્રાવેલનાસીઓઓ સની સોઢીએ આ મુજબની વાત કરી છે. બીજીબાજુ નિષ્ણાંતોનું કહેવું છે કે ગયા વર્ષે ૧૪ ટકાના નિરાશાજનક દેખાવ બાદ સ્થાનિક માર્કેટ હિસ્સેદારી ૨૧ ટકા સુધી લઈ જનાર એર ઈન્ડિયાએ હવે વધુ સ્પર્ધાની તૈયારી કરી લીધી છે. સોઢીનું કહેવું છે કે અમે ટિકિટ કિંમતમાં વધુ ઘટાડો કરવાની દિશામાં આગળ વધી રહ્યા છીએ કારણ કે બજેટ એરલાઈન ભાડામાં વધુ ઘટાડો કરી શકે છે. એર ઈન્ડિયાએ તેમની સરખામણીમાં ભાડા કરી લીધા છે. સોઢીનું કહેવું છે કે આગામી દિવસોમાં વિમાની ભાડામાં ૧૫ ટકા સુધીનો વધુ ઘટાડો થઈ શકે છે જો કે એર ઈન્ડિયાનું કહેવું છે કે આ હિલચાલ જેટ કનેક્ટ દ્વારા હાથ ધરવામાં આવેલી હિલચાલના જવાબમાં છે. એર ઈન્ડિયાના વરિષ્ઠ અધિકારીએ કહ્યુ છે કે જેટ કનેક્ટ દ્વારા બજેટ એરલાઈનની સપાટી સુધી પહોંચવા માટે ૨૦ રૂટ પર તેના ભાડામાં ઘટાડો કરી દીધો છે. ૧૧મી જાન્યુઆરીના દિવસે કલાનીધી મારનની માલિકીના સ્પાઈસ જેટે ફેબ્રુઆરી અને એપ્રિલ વચ્ચે પ્રવાસ માટે ૨૦૧૩ રૂપિયાની ઓફરમાં ૧૦ લાખ સીટની જાહેરાત કરી છે. આગામી ત્રણ દિવસ સુધી બુકિંગનો દોર ચાલુ રહી શકે છે. ટ્રાવેલ એજન્ટોનું કહેવું છે કે આ વર્ષની શરૂઆતમાં એવી આગાહી કરાઈ હતી કે વર્ષ ૨૦૧૨માં એર ટ્રાફિકમાં ૨૦૧૧ની સરખામણીમાં ઘટાડો થયા બાદ ઘણી બધી ડિસ્કાઉન્ટની જાહેરાત થઈ શકે છે. જાન્યુઆરી-ડિસેમ્બર ૨૦૧૨ દરમિયાન સ્થાનિક એરલાઈન્સ દ્વારા મુસાફરી કરનાર યાત્રીઓની સંખ્યા ૨૦૧૧ના આ જ ગાળા દરમિયાન ૬૦૬.૬૩ લાખની સરખામણીમાં ૫૮૮.૧૯ લાખ નોંધાઈ હતી.

## દિલ્હી ગેંગરેપના આરોપીની અરજી પર આજે સુનાવણી

નવી દિલ્હી, તા. ૨૨

ચર્ચા જગાવનાર દિલ્હી ગેંગરેપના આરોપીઓની અરજી પર આજે સુનાવણી યોજાશે. ૧૬ ડિસેમ્બર ૨૦૧૨ના રોજ રાષ્ટ્રીય રાજધાની નવી દિલ્હીમાં ચાલુ બસે કેસના થોડા સમય પહેલાંજ ધ્યાનમાં લાવવામાં આવતાં તેના પર પૂરતી સુનાવણી થઈ શકી ન હતી. મુખ્ય ન્યાયમૂર્તિ અલ્તમશ કબીર, ન્યાયમૂર્તિ જે.એલામેશ્વર અને ન્યાયમૂર્તિ વિક્રમજીત સેનની ખંડપીઠ




થયેલા સામુહીક બળાત્કાર કેસના આરોપીની અરજી પર આવતીકાલે સુનાવણી યોજવાનો આદેશ સુપ્રીમકોર્ટે કર્યો હતો.

આરોપી મુકેશે અરજીમાં રજૂઆત કરી હતી કે તેનો મામલો ઉત્તર પ્રદેશની મથુરાની કોઈપણ નીચલી કોર્ટમાં તબદીલ કરી દેવામાં આવે. કારણકે તેને લાગી રહ્યું છે કે, રાજધાનીમાં તેની સાથે ન્યાય નહીં થાય. આ પહેલાં ગઈકાલે સુપ્રીમકોર્ટે કહ્યું હતું કે, તે આરોપીની અરજી પર વિચારણા કરશે. પરંતુ સમયના અભાવે આ અરજી પર આવતીકાલે કોઈ નિર્ણય આપી નહીં શકે. અરજી આ મામલે આવતીકાલે ફેંસલો આપશે.

સામુહિક બળાત્કારના આરોપીઓ વિરુદ્ધ સુનાવણી દિલ્હીના સાકેત સ્થિત ફાસ્ટટ્રેક કોર્ટમાં શરૂ થઈ ગઈ છે. આ કેસમાં પાંચ આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, સામુહિક બળાત્કારની ઘટનાનો ભોગ બનેલ યુવતીનું સારવાર દરમ્યાન મોત થયું હતું. ત્યારબાદ કેન્દ્ર સરકારે સમગ્ર કેસની ઝડપી સુનાવણી માટે ફાસ્ટટ્રેક કોર્ટની રચના કરી હતી. સમગ્રદેશમાં આ મુદ્દે વિરોધપ્રદર્શન થયા હતા.

## કાનપુરમાં સેન્ટ્રલ સ્ટેશન ખાતે થયેલો હળવો બ્લાસ્ટ

કાનપુર,તા. ૨૨

કાનપુર સેન્ટ્રલ રેલવે સ્ટેશન ખાતે આજે હળવો બ્લાસ્ટ થયા બાદ તંત્રમાં ભાગદોડ મચી ગઈ હતી. બપોરના ગાળા દરમિયાન આ બ્લાસ્ટ થયો હતો. પ્રાથમિક અહેવાલ મુજબ પ્લેટફોર્મ નંબર ૮-૯ પર આ બ્લાસ્ટ થયો હતો. જેથી સુરક્ષા તંત્રમાં અફડાતફડી મચી ગઈ હતી. સદનસીબે આ બનાવમાં કોઈને પણ ઈજા થઈ ન હતી. કોઈ નુકશાન પણ થયુ ન હતું. સરકારી રેલવે પોલીસ અધિકારીઓ અને એટીએસના સભ્યો મામલામાં તપાસ કરી રહ્યા છે. બિનસત્તાવાર અહેવાલમાં જણાવાયુ છે કે આ બ્લાસ્ટના સંબંધમાં એકની ધરપકડ કરવામાં આવી છે. વધુ વિગત મળી શકી નથી. બ્લાસ્ટના સ્વરૂપ અંગે પણ માહિતી મળી શકી નથી પરંતુ પોલીસ અને એટીએસની ટીમ આ મામલાને ખુબજ ગંભીરતાથી લઈ રહી છે.

### નવાં કલેવર (પાના નં. ૪ નું ચાલુ)

(પાના નં. ૪ નું ચાલુ)

સમય જતાં દિવ્યા અને તેની માની મહેનત ફળી. મુશ્કેલીઓનો સામનો કરતાં કરતાં દિવ્યા નિરંતર આગળ વધતી ગઈ. તેનું સ્વાભિમાન જાગૃત થઈ ગયું હતું. મોટી થતાં તેણે હવેલીના શાકભાજી અને કપડાં લેવાની તેની માંને બિલકુલ ના પાડી દીધી.' માં મને લાલ મરચું વાટી દેજે અથવા ડુંગળી ભાંગી આપજે. રોટલા સાથે એ હું ખાઈ લઈશ. પણ હવેલીવાળા પાસે હાથ લાંબો નથી કરવો. મારે વરસમાં બે ડ્રેસ ઘણા છે. ગમે તેમ કરી સીવડાવી દેજે. હું તેનાથી ચલાવી લઈશ.'

એ રીતે વર્ષો વીતી ગયા. સમય કેમ વીતી ગયો તેની જાણ કે ખબર જ ન પડી. દિવ્યાએ બી.એ., એમ.એ., અને પી.એચડી. કર્યું. જે તન્મયતાથી દિવ્યા છાણ ભેગું કરતી એ જ તન્મયતાથી તે ભણી અને આજે ડૉ. દિવ્યા બની આકાશવાણીમાં ઉચ્ચ હોદ્દા પર બેઠી હતી. તેનાં લગ્ન પણ તેની જ જાતિનાં એક એન્જિનીયર સાથે થઈ ગયાં હતા.

આ તરફ રેખાનાં પણ લગ્ન થઈ ગયાં હતા. પણ સમયની થપાટોએ તેને કયાંયની રહેવા દીધી ન હતી. તે માંડ માંડ હાયર સેકન્ડરી સુધી ભણી શકી હતી. લગ્ન બાદ પતિ દારૂડીયો નીકળ્યો. તેની સાથે બન્યું નહીં તેથી એ તેની મમ્મી સાથે રહેવા આવી ગઈ. હવેલીના ભાગ પડી ગયા હતા. રેખાના પપ્પા ગુજરી ગયા હતા. રેખાના બંને ભાઈઓએ સંપત્તિના ભાગલા પાડી પોતપોતાના ભાગ પર કબજો કરી લીધો હતો. રેખાની માં કયારેક નાના દીકરા પાસે તો કયારેક મોટા દીકરા સાથે રહેતી હતી. એ લોકોએ મા ને રહેવા એક ઓરડો આપ્યો હતો. રેખા પણ જેમ તેમ ખાઈને એ જ ઓરડામાં સૂઈ જતી. પોતાનો ખર્ચ કાઢવા તે કયારેક સીવણકામ કે ટ્યુશન કરતી હતી. તેણે લોકગીતો ગાતાં શીખી લીધું હતું. તેમાં કયારેક કયારેક આકાશવાણીમાં ગાવાનો ચાન્સ મળી જતો હતો.

દિવ્યા તેની આ સ્થિતિ જાણતી હતી. દિવ્યા એવો મોકો જ શોધતી હતી કે ગમે ત્યારે એ રેખાનાં દંભને કચડી નાંખશે. અને દિવ્યાને એ મોકો મળી ગયો. તેથી તેણે રેખાને યુવવાણી કાર્યક્રમમાં ગુજરાતી લોકગીતો રજૂ કરવા માટે ઑફર મોકલી. તેને ખબર હતી કે રેખા તે સ્વીકારી લેશે. જેના કારણે તેનો હાથખર્ચ નીકળે.

રેખા તે પ્રોગામ આપવા જતી તો રહી પણ તેને સપનામાં પણ વિચારેલું નહીં કે દિવ્યાનાં ત્યાં આ રીતે દિવ્ય-દર્શન થશે. આ તરફ દિવ્યાએ પણ કયારેય એવી કલ્પના પણ કરી ન હતી કે આઝાદીના આટલાં વર્ષો બાદ રેખામાં સામંદવાદ જીવતો હશે. અને તે એને એજ રીતે 'ગોબરી' કહીને અપમાનિત કરશે. સીંદરી બળી ગઈ પણ તેનો વળ ન ગયો.

- vanvihari@gmail.com

## ગડકરી મુશ્કેલીમાં : આઈટી ટીમ દ્વારા પૂર્તિ ગ્રુપમાં ફરીવાર તપાસ

નવી દિલ્હી,તા. ૨૨

આવકવેરા વિભાગે નીતિન ગડકરીના પૂર્તિ ગ્રુપ સાથે સંબંધિત કંપનીઓના મામલામાં ઉંડી તપાસ હાથ ધરી હતી. ભાજપના પ્રમુખ તરીકે બીજી વખત ચૂંટાઈ આવવાની તૈયારીમાં રહેલા નીતિન ગડકરીની મુશ્કેલીઓ આજે વધી ગઈ હતી કારણ કે ઈન્કમટેક્સ વિભાગે ગડકરીની કંપનીઓના સ્થળોમાં તપાસ હાથ ધરી છે. એવું જાણવા મળ્યુ છે કે ઈન્કમટેક્સ વિભાગની ટીમ મુંબઈમાં પૂર્તિ ગ્રુપમાં નવ સ્થળો પર તપાસ કરી રહી છે. આ મામલામાં પહેલી ફેબ્રુઆરીના દિવસે ગડકરીને આઈટી વિભાગ સમક્ષ ઉપસ્થિત થવા માટે પણ કહેવામાં આવ્યું છે. નીતિન ગડકરી હાલમાં પૂર્તિ ગ્રુપમાં કોઈ પણ હોદ્દા પર નથી પરંતુ વર્ષ ૨૦૦૦માં આને શરૂ કરવામાં ગડકરીએ જ ભૂમિકા ભજવી હતી. વર્ષ ૨૦૧૦માં તેઓએ આ કંપનીના ચેરમેન પદેથી રાજીનામુ આપ્યુ હતુ. સૂત્રોનું કહેવું છે કે નીતિન ગડકરી પૂર્તિ ગ્રુપ ઓફ કંપનીમાં બનાવટી મૂડીરોકાણના આક્ષેપોના સંબંધમાં તેની સમક્ષ ઉપસ્થિત થવા ઈન્કમટેક્સ વિભાગ પાસેથી વધુ સમય માંગી રહ્યા છે. સૂત્રોનું એમ પણ કહેવું છે કે ઈન્કમટેક્સની ટીમ પૂર્તિ ગ્રુપ અને



તેમા મૂડીરોકાણ કરનાર કંપનીઓના ફાઈનાન્સિયલ ટ્રેક રેકોર્ડમાં ચકાસણી કરી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ મામલામાં ઈન્કમટેક્સની ટીમ અગાઉ પણ ચકાસણી કરી ચૂકી છે. આ મામલામાં કેટકાલ કાગળ બનાવટી નજરે પડ્યા હતા. સૂત્રોનું કહેવું છે કે તાજી ફિલ્ડ સર્વેની કામગીરી અગાઉની તપાસની આગળની કડી છે.

ગયા વર્ષે ઓકટોબર મહિનામાં એવા અહેવાલ આવ્યા હતા કે પૂર્તિ ગ્રુપમાં ગડકરીના નજીકના લોકોએ બનાવટી કંપનીઓ મારફતે મૂડીરોકાણ કર્યુ હતુ. ગડકરીના બે પ્રતિનિધિઓ નાગપુરમાં આઈટીના અધિકારીઓને મળ્યા હતા અને તેમની અંગત લેવડદેવડ અને રોકાણ સાથે સંબંધિત વિભાગના પ્રશ્નોના જવાબમાં ૨૫ પાનાના દસ્તાવેજ સોંપ્યા હતા. ગડકરીએ અગાઉ કોઈ પણ ખોટુ કામ કર્યુ હોવાનો ઈન્કાર કર્યો હતો અને કહ્યુ હતુ કે તેઓ ગ્રુપમાંથી રાજીનામુ આપી ચુક્યા છે. આઈટી વિભાગે અગાઉ ગડકરી સામે સમન્સ જારી કર્યુ હતુ. વિભાગે ગડકરીની કંપની પૂર્તિ પાવર અને સુગર લિમિટેડમાં રોકાણ કરનાર જુદી જુદી કંપનીઓમાં તપાસ હાથ ધરી છે.

## ચૌટાલા, પુત્ર અજય ચૂંટણી નહીં લડી શકે

હરિયાણાના ભૂતપૂર્વ મુખ્યમંત્રી ઓમ પ્રકાશ ચૌટાલા અને તેમના પુત્ર અજયચૌટાલાને ૧૦-૧૦વર્ષની જેલની સજા કરવામાં આવતા આ ચુકાદાને ચૂંટણી રાજકારણ પર માઠી અસર થઈ શકે છે. પાંચ વખતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી ૭૮ વર્ષિય ચૌટાલા, ૫૧ વર્ષિય અજય ચૌટાલાને વિધાનસભાની ચૂંટણી લડવાથી ગેરલાયક જાહેર કરી શકાય છે જો તેમને અપરાધી ઠેરવવાના ચૂકાદા પર હાઈકોર્ટ દ્વારા સ્ટે મૂકવામાં આવશે નહીં તો તેઓ ચૂંટણી લડી શકશે નહીં. લોકપ્રતિનિધિત્વ ધારા હેઠળ કોઈ પણ ગુનામાં બે વર્ષ અથવા તો તેનાથી વધુની સજા પામી ચુકેલા વ્યક્તિને ચૂંટણી લડવા પર પ્રતિબંધ મુકવામાં આવે છે. વધુ છ વર્ષ સુધી આવા લોકો ચૂંટણી લડી શકતા નથી. જેલમાંથી છૂટી ગયા ના છ વર્ષ બાદ તેઓ ચૂંટણી લડવાની સ્થિતિમાં આવે છે. વરિષ્ઠ ચૌટાલા કોર્ટમાં ઉપસ્થિત રહ્યા ન હતા. ગયા સપ્તાહમાં તેમને કસ્ટડીમાં લાવવામાં આવ્યા બાદ હોસ્પિટલમાં લેવામાં આવ્યા હતા.

## શિવસેનાના વડા તરીકે ઉદ્ધવ આજે મુખ્ય જવાબદારી સંભાળી લેશે

મુંબઈ,તા. ૨૨

શિવસેનાના સ્વર્ગસ્થ નેતા બાલ ઠાકરેની ૮૭મી જન્મજયંતિના પ્રસંગે આવતીકાલે તેમના પુત્ર ઉદ્ધવ ઠાકરે નવા પક્ષ પ્રમુખ તરીકે વિધિવતરીતો જવાબદારી સંભાળી લે તેવી શક્યતા દેખાઈ રહી છે. ૫૨ વર્ષિય પક્ષના કારોબારી પ્રમુખ



ઉદ્ધવ ઠાકરે પક્ષના નવા વડા તરીકે વિધિવતરીતે ચૂંટી કાઢવામાં આવશે. પક્ષના વરિષ્ઠ અધિકારીઓએ કહ્યુ છે કે ૨૩મી જાન્યુઆરીના દિવસે શિવસેના ટોચના હોદ્દેદારોની બેઠક યોજાશે. ઉદ્ધવ ઠાકરેના પુત્ર આદિત્યને મહત્વપૂર્ણ હોદ્દો આપવા માટે રજુઆત થઈ રહી હોવા છતાં પક્ષે કહ્યુ છે કે સંભાવના ખૂબજ મર્યાદિત છે કારણ કે તે પહેલાથી જ યુવા સેનાના વડા તરીકે છે. શિવસેનાની યુવા પાંખનું નામ યુવા સેના રાખવામાં આવ્યું છે. પક્ષ પ્રમુખ તરીકે ઉદ્ધવ ઠાકરેની વિધિવતરીતે નિમણૂંક કરવામાં આવ્યા બાદ સ્વર્ગસ્થ શિવસેનાના સ્થાપક પ્રમુખ તરીકે અથવા તો સુપ્રીમો તરકી ગણવામાં આવશે. શિવસેનાની સ્થાપના બાલ ઠાકરે દ્વારા ચાર દશક અગાઉ કરવામાં આવી હતી. ૮૬ વર્ષની વયે ૧૭મી નવેમ્બરના દિવસે તેમનુ અવસાન થયુ હતુ. ઉદ્ધવ ઠાકરેને બાલ ઠાકરેના અવસાન બાદ પક્ષના વડા બનાવાયા હતા.

### Hello ફ્રેન્ડસ ! (પાના નં. ૪ નું ચાલુ)

(પાના નં. ૪ નું ચાલુ)

૬૩ વર્ષ પ્રજાસત્તાક રહી તો ભલું કોનું થયું? ગરીબ-ગરીબ જ રહ્યો અને શ્રીમંત અધિક શ્રીમંત થયો. સમાનતાની વાતો કરતાં લોકો ચૂંટણી વખતે રિઝર્વેશનના ક્વૉટા વધારવાનું રાજકારણ રમે જ છે ને? આર્થિક વિષમતા વધી ગઈ છે. શિક્ષિત બેરોજગાર વધી રહ્યાં છે. ૨૧મી સદીમાં વિજ્ઞાનની પ્રગતિ થઈ. વિકાસ થયો, તોય ખેડૂતો કેમ આત્મહત્યા કરે છે? કેમ સૌને પીવાનું પાણી - સ્વચ્છતા - દવાઓ નથી મળતી? હાથ છે એમને કામ નથી અને કામ છે એનું કોઈ દામ નથી કરવાનું શું? અમારી પ્રગતિ થઈ, કેમ તો કે સેન્સેક વધ્યો...'

દરેકનાં ઘરમાં વિજળી આવી પણ લાઈટ બીલ ભરવાનાં વાંધા છે કે નહીં? ગેસના બાટલાં મોંઘા, ડિઝલ વધ્યું એટલે શાકભાજી, કઠોળ મોંઘા થશે કે નહીં? ટ્યુશન અને શિક્ષણ ફી ના આંકડા ખબર છે કે પછી મારાં મોંઢે સાંભળશો? આ સાલાઓ મોટી મોટી વાતો કરતાં સેવકોની દીકરી જયારે દિલ્લીમાં રાતે એકલી બસમાં જશે એ દીકરાનું માથું પાકિસ્તાન બોર્ડરે કપાશે ત્યારે જ જોજો આ બંધારણમાં ફટાફટ ફેરફારો આવશે...

વિર પિતા આઝાદનાં જવાબની અપેક્ષા કરતો હતો, પણ બધું શાંત શાંત, બાપ અચાનક કયાં ગાયબ થો? વિર ધ્યાનથી જોયું તો 'આઝાદ' એની પથારીમાં ઘુસી માથે ગોદડું ઓઢી મોઢું સંતાડતો હતો!!

**ચૂંટલો :**

આજની તારીખે ધર્મદાઝ કરતાં દેશદાઝ વધુ જરૂરી છે, પણ માત્ર ૧૫ ઑગષ્ટ કે ૨૬મી જાન્યુઆરીએ નહીં, જયાં જયાં જરૂર પડે આક્રોશ વ્યક્ત કરો, વિરોધનો સૂર ઉઠાવો... વંદે માતરમ્...

## સમાચાર ઝલક

- સોનામાં આયાત-જકાત વધવાથી ભાવમાં ઉછાળો, શેરબજારમાં તેજીની રૂખ.
- હૈદરાબાદ રેલ્વે લાઇન પર ત્રણ દોસ્તો જન્મતારીખના ઉત્સવમાં ફોટો ખેંચતાં રેલ અકસ્માતમાં મોત.
- દિલ્હી કોર્ટ સામે ઓમપ્રકાશ ચૌટાલાના ટેકેદારોએ હલ્લા બોલ કરતાં અશ્રુવાયુ છોડાયો.
- મુંબઇના કલ્યાણમાં મોટા પ્રમાણમાં વિસ્ફોટનો જથ્થો ઝડપાયો.
- શિક્ષક ભરતી ગોટાળામાં તમામ આરોપીઓને સજા થઇ.
- સુશીલકુમાર શીંદેના હિન્દુ આતંકવાદી નિવેદનથી શિવસેના લાલઘૂમ.
- દિલ્હીમાં અઢી કરોડની ઘરફોડ ચોરી.
- અમેરિકન પ્રમુખ શ્રી બરાક ઓબામાએ સોગંધવિધિ કરી, ત્યારબાદ જોશીલું પ્રવચન આપ્યું.
- અફઘાનિસ્તાનમાં વિસ્ફોટ, અનેક ઇજાગ્રસ્ત.
- મુંબઇમાં મોર્નિંગ વોક કરતી ૬ મહિલાઓને કારે ટક્કર મારી, બે મહિલાઓનાં મોત.
- અમદાવાદના શાહપુરમાં બાઇક સળગાવવાનો સીલસીલો ચાલુ.
- હિમાચલમાં બરફ વર્ષાથી અનેક પ્રવાસીઓ મુશ્કેલીમાં.